જા. નં - ૪૩૮/૮/૨૦૨૬. તારીખ: ૧૮/૦૮/૨૦૨૬

વનસેવા મહાવિદ્યાલય બીલપુડી ગ્રામ સેવા સભા ધરમપુર સંચાલિત વીર નર્મદ દ.ગુ.યુનિ. સુરત સંલગ્ન તા.ધરમપુર,(૩૯૬૦૫૦)જિ. વલસાડ

વનસેવા મહાવિદ્યાલય બીલપુડી ગ્રામ સેવા સભા ધરમપુર સંચાલિત વીર નર્મદ દ.ગુ.યુનિ. સુરત સંલગ્ન તા.ધરમપુર,(૩૯૬૦૫૦)જિ. વલસાડ

## હિસાબનીશ (બિન અનામત) મુખ્ય પરીક્ષાની ઉત્તરવહી નિરીક્ષણ અને ગુણ ચકાસણી અંગે...

ગ્રામ સેવા સભા, ધરમપુર સંચાલિત વન સેવા મહાવિદ્યાલય, બિલપુડી હિસાબનીશ (બિન અનામત) મુખ્ય પરીક્ષામાં હાજર ઉમેદવારો માટે મુખ્ય પરીક્ષા (વર્ણનાત્મક પેપર) ની ઉત્તરવહી પરીક્ષાર્થી ઉમેદવારોને નીચે દર્શાવેલ તારીખ, સમય, સ્થળે નિરીક્ષણ અને ગુણ ચકાસણી માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેમાં ઉમેદવાર —

- ગુણનો સરવાળો બરાબર છે કે નહિ તે ચેક કરી શકાશે.
- લખેલ પ્રશ્નોના પરીક્ષક દ્વારા ગુણ અપાયેલા છે તે ગુણ ગણતરીમાં લેવામાં આવ્યા છે કે કેમ? તેમજ ગુણ ગણવાના રહી તો નથી ગયા ને? તેની ચકાસણી કરી શકાશે.
- ઉત્તરવહીના મુખ્ય પાના ઉપર અથવા યોગ્ય જગ્યાએ સરવાળામાં પરીક્ષક દ્વારા અપાયેલા ગુણનો સમાવેશ થયો છે તેની ચકાસણી કરી શકાશે.
- સદર તારીખ, સમય અને સ્થળે ઉત્તરવહીનું નિરીક્ષણ જ કરવા દેવામાં આવશે ત્યારબાદ કોઈપણ કારણોસર અનુપસ્થિત ઉમેદવારને પુનઃ તારીખ અને સમય ફાળવવામાં આવશે નહી.
- ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની કાર્યપદ્ધતિ અનુસાર મુખ્ય પરીક્ષાની વર્ણનાત્મક ઉત્તરવહી ફરીથી તપાસવાની (Re-assessment) માંગ કરી શકાતી ન હોઈ પરીક્ષકે આપેલા ગુણ અંતિમ ગુણ ગણાશે.
- પરીક્ષાનું અંતિમ પરિણામ જાહેર ન થાય ત્યાં સુધી ઉત્તરવહીની નકલ આપવાની થતી નથી. ઉમેદવાર જ ઉત્તરવહીનું નિરીક્ષણ અને ગુણ ચકાસણી કરી શકશે, તેમના પ્રતિનિધિને નિરીક્ષણ અને ગુણ ચકાસણી માટે કોઈપણ સંજોગોમાં ગ્રાહ્ય કરી શકાશે નહી.
- ઉત્તરવહી નિરીક્ષણ અને ગુણ ચકાસણી CCTV Observation હેઠળ નિયત સમય, તારીખ અને સ્થળે કરવામાં આવશે. આ નિરીક્ષણ સંસ્થા પ્રકાશિત અને પ્રસારિત કરવાનો અબાધિત અધિકાર ધરાવશે.
- ઉમેદવારે નિયત થયેલ સમયથી 30 મિનીટ પહેલા નિયત થયેલ સ્થળે ઉપસ્થિત રહેવું.

હિસાબનીશ (બિન અનામત) મુખ્ય પરીક્ષાની ઉત્તરવહી નિરીક્ષણ અને ગુણ ચકાસણીની —

તારીખ : 25-08-2026

સમય : સમય 02:00 થી 04:00

સ્થળ : શ્રીમદ્ રાજચંદ્ર સાયન્સ કોલેજ, કરંજવેરી

ઉત્તરવહી નિરીક્ષણ અને ગુણ ચકાસણી સમયે સાથે લાવવાની સામગ્રી

1) હિસાબનીશ (બિન અનામત) મુખ્ય પરીક્ષાનો અસલ કોલ લેટર અને તેની એક ઝેરોક્ષ નકલ.
2) હિસાબનીશ (બિન અનામત) મુખ્ય પરીક્ષાની અસલ હોલ ટીકીટ અને તેની એક ઝેરોક્ષ નકલ.
3) પાસપોર્ટ સાઇઝનો એક કલર ફોટો.
4) આધારકાર્ડ અસલ તેમજ તેની એક સ્વપ્રમાણિત ઝેરોક્ષ નકલ.

ઇનચાર્જ આચાર્ય
વનસેવા મહાવિદ્યાલય
બીલપુડી, તા.ધરમપુર.